**<u>ફરીયાદ પક્ષની ક્રિ.પ્રો.કોડની ક.૩૨૧ અન્વયે કેસ પરત ખેંચવાની પરવાનગી અરજી તળે હુકમ</u>**

ફરીયાદ પક્ષ તરફથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૨૧ અન્વયે હાલનો કેસ પરત ખેંચવાની પુરસીસ તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનો તા. ૦૬/૦૨/૨૦૨૩ ના રોજના હુકમ ક્રમાંક નં.ડીસી/ એડી એમ/ઔ.અ & લેબર કોર્ટ /લોક અદાલત/ડોરમેટ કેસ પરત/ ૨૦૨૩ તથા કેસ પેપર્સ વંચાણે લીધા તેમજ હાલનો કેસ એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાંથી ટ્રાન્સફર થઈને અત્રેની કોર્ટ માં આવેલ છે હાલનો કેસ ખુબજ જુનો છે હાલના કેસમાં લાંબા સમયથી આરોપીને સમન્સ/વોરન્ટ બજેલ નથી. રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવવાની શકયતા નથી, આમ પ્રસ્તુત કેસ ઘણો જુનો છે જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણીજ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફેકટીવ ફોજદારી કેસો તથા સીવીલ કેસોની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ઘ્યાન આપી શકાતુ ન હોય આવા કેસોના ભરાવાનુ ભારણ ઓછુ થાય અને ઈફેકટીવ કેસ તરફ પુરતુ ઘ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવી વાજબી અને ન્યાયોચિત જણાય છે. આવા સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ–૩૨૧ અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હુકમ મુજબ ફરીયાદ પક્ષને હાલનો કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. હાલના કેસમાં આરોપીને ઉપરોકત ગુનામાં ડીસ્ચાર્જ કરવા હુકમ કરવામાં આવે છે અને તે મુજબ કેસ ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૩/૦૫/૨૦૨૩ ના રોજ સ્પે.સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
CODE-GJ01045